## રાષ્ટ્રીય મત્સ્યખેડુત દિન નિમિતે કે.વિ.કે, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા ટેલીકોન્ફરન્સ યોજાઇ

કોરોના વાયરસની મહામારીને ધ્યાને લેતા જિલ્લાના મત્સ્ય ખેડુતોને માર્ગદર્શન તેમજ તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તા. ૧૦/૦૭/૨૦૨૦ના રોજ “રાષ્ટ્રીય મત્સ્યખેડુત દિન”ની ઉજવણીના ભાગ રૂપે ટેલીકોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ ટેલીકોન્ફરન્સ માટે રિલાયન્સ ફાઉન્ડેશનના શ્રી અમીતભાઈ મસાણીએ આણંદ જિલ્લાના અલગ-અલગ ગામોના ૧૧૦ જેટલા મત્સ્ય ખેડુતોને ટેલીકોન્ફરન્સથી એક સાથે જોડી માહિતી અને માર્ગદર્શન આપવામાં સહકાર કરી સંકલન કર્યુ હતું

સૌ પ્રથમ ડૉ. જી. જી. પટેલ, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, કે.વી.કે., દેવાતજ દ્વારા શરૂઆતમાં પ્રાસંગીક ઉદબોધન દ્વારા સર્વેનું હાર્દીક સ્વાગત કર્યુ હતુ તથા આજના દિનની અગત્યતા સમજાવી વધુમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા થતી ફીશરીઝ વિષયને લગતી કામગીરીઓથી સૌને માહિતીગાર કર્યા હતા.

શ્રી જૈમિન ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ) દ્વારા ગામ તળાવમાં મિશ્ર મત્સ્ય ઉછેર પર વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી જેમાં તળાવની તૈયારી, માછલીનો સંગ્રહ, ખોરાક, પાણી તેમજ રોગનું વ્યવસ્થાપન વગેરે વિષયો આવરી લેવાયા હતા. ત્યારબાદ ખેડુતોના મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યુ હતું અંતે સર્વે મત્સ્ય ખેડુતોએ ટેલીકોન્ફરન્સમાં ભાગ લઇ તેને સફળ બનાવી તે માટે શ્રી અમીતભાઈ મસાણી દ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો હતો.



